# હારી શકાતું હોય ત્યાં હારી જવામાં સાર છે, કાયમ બધુંયે જીતવું એ જીત પણ સારી નથી!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

હિરેનભાઈને હવે સુરતના એ.કે. રોડ પાસેની અંકુર વિદ્યાવિહાર સ્કૂલના આચાર્ય તરીકે રિટાયર્ડ થયા પછી આમ તો આરામ હતો. આમ પણ એમને નોકરી દરમ્યાન બહુ દોડાદોડ નહોતી કરવી પડી કેમ કે અંકુર સ્કૂલની નજીક જ આકાશગંગા અપાર્ટમેન્ટના આઠમા માળે એમનો ફ્લેટ હતો એટલે સ્કૂટર લઈને એ આસાનીથી જતાઆવતા હતા. ઘરમાં પણ ત્રણ જ વ્યક્તિઓ-એ પોતે, એમની પત્ની સુલભા અને દીકરી અલ્પા. એ ત્રણે મઝાથી રહેતાં હતાં. જો કે દીકરી અલ્પા હવે મોટી થઈ એ વાતથી હિરેનભાઈ અજાણ હતા. સ્કૂલ અને ઘર વચ્ચેના રસ્તાથી એ બરાબર પરિચિત હતા પણ ઘરમાં શું ચાલે છે, કઈ રીતે સુલભા ઘર ચલાવે છે એ બધી બાબતો જોડે એમને ઝાઝી નિસબત નહોતી.

"સાંભળ્યું" એક દિવસ સવારે જમતી વખતે સુલભા બોલી, "આપણી અલ્પા હવે મોટી થઈ છે. આજકાલ કરતાં એને વીસમું વરસ જાય છે. એ ગ્રેજ્યુએટ પણ થઈ ગઈ છે. હવે એના માટે મુરતિયો શોધવો જોઈએ."

"એમ?" હિરેનભાઈ સુલભા સામે જોઈને બોલ્યા, "એ બધી બાબતોમાં મને ખબર ન પડે. મારી દીકરી મને તો હજી નાની જ લાગે છે." "નાની તો મનેય લાગે છે."સુલભા હસી, "પણ દુનિયાને હવે એ નાની નહીં લાગે. એ હવે છોકરી નથી, યુવતી છે એટલે તમારા સંબંધીઓમાં તમે મુરતિયા માટે તપાસ કરો, હું પણ આપણાં સગાંવહાલાં અને મારી બહેનપણીઓમાં વાત કરીશ કાલથી. તમારું ધ્યાન તો છે ને?" "હા હા વળી," હિરેનભાઈ બોલ્યા, "તું બોલે અને મારું ધ્યાન ન હોય એવું આજ સુધી બન્યું છે કદી?" "આજ સુધી એવું જ બન્યું છે!"સુલભા ફરી હસી, "હું બોલતી રહું, તમે સાંભળતા રહો ને છેલ્લે કહો-"તું શું કહેતી હતી?" બસ, આમ જ થતું આવ્યું છે. આજે તો સાંભળ્યું ને?" "હા ભૈ હા," હિરેનભાઈ બોલ્યા, "મેં સાંભળ્યું છે કે તું કાલથી અલ્પા માટે મુરતિયો શોધવાની શરૂઆત કરવાની છે." "હે ભગવાન," સુલભા સહેજ જોરથી બોલી, "માત્ર હું નહીં, તમારે પણ તમારા મિત્રો અને સંબંધીઓમાં બધાના કાને અલ્પા માટે મુરતિયો શોધવાની વાત નાખવાની છે."

"હા, ચોક્કસ," હિરેનભાઈ બોલ્યા, "હું પણ કાલથી જ શરૂઆત કરી દઈશ ને સૌથી પહેલા મનુભાઈને વાત કરીશ. એ મારી સ્કૂલમાં હતા ને વ્યવહારુ માણસ છે. એમને તો બધી ખબર હોય જ." એ વાત એ વખતે પૂરી થઈ. અલ્પા માત્ર સાંભળી રહી. એને તો વચ્ચે બોલવાનું હતું જ નહીં એટલે સાંભળતી રહી ને વારાફરતી પપ્પા અને મમ્મી સામે જોતી રહી! બીજા દિવસે હિરેનભાઈ મનુભાઈને મળવા વરાછા ગયા. મનુભાઈ ઘેર જ હતા એટલે એમણે ઉમળકાથી હિરેનભાઈને આવકાર્યા.

"આવો આવો હિરેનભાઈ," મનુભાઈ બોલ્યા, "બહુ લાંબા સમયે ભૂલા પડ્યા છો." હિરેનભાઈ મનુભાઈની સામે ખુરશી પર બેઠા. ચા પીધા પછી હિરેનભાઈએ વાત શરૂ કરી. દીકરી અલ્પા માટે મુરતિયો શોધવાની ભલામણ કરી. "અરે એમાં શું હિરેનભાઈ," મનુભાઈ બોલ્યા, "અલ્પાને હું સારી રીતે ઓળખું છું. દેખાવે સુંદર, સંસ્કારીને ગુણીયલ દીકરી છે તમારી. એના માટે હું આ અઠવાડિયામાં જ મુરતિયો બતાવીશ, તમે ખાતરી રાખજો." "તો તો સારું મનુભાઈ," હિરેનભાઈ ઊભા થતાં બોલ્યા, "મારા માથેથી એક બોજ ઊતરે. જો કે અલ્પા તો કશું બોલતી જ નથી પણ સુલભાને ભારે ઉતાવળ છે એટલે મારે અહીં આવવું પડ્યું." "દીકરી કશું ના બોલે હિરેનભાઈ,"મનુભાઈએ હસીને કહ્યું, "મા-બાપ જ બધું બોલે. હા, દીકરીને કોઈ છોકરો ગમતો હોય તો એ કદાચ કહે અથવા એની સાથે નાસી પણ જાય. જો કે તમારી અલ્પા એ પ્રકારની છોકરી નથી એ હું જાણું છું એટલે તમે ચિંતા ન કરો, હું બેઠો છું બાર વરસનો, તમારું કામ પાર પાડી દઈશ." હિરેનભાઈ હળવા હૈયે ઘેર આવ્યા ને જમતી વખતે સુલભાને મનુભાઈ સાથેની મુલાકાતની વાત કરી.

"મનુભાઈ છોકરો શોધી આપે તો તો સારું," સુલભા બોલી, "એ ભલા માણસ છે અને લાગણીવાળા છે. અલ્પાને તો એ પોતાની દીકરી જેવી જ ગણે છે એટલે એ ચોક્કસ સારો મુરતિયો શોધશે." અલ્પાએ એ વખતે તો બધી વાત સાંભળી લીધી પણ એના મનમાં ઉચાટ હતો-લગ્ન અત્યારથી શા માટે કરવા જોઈએ ? હજી તો પોતે ગઈ સાલ ગ્રેજ્યુએટ થઈ, હજી હરવાફરવાના દિવસો છે અને મમ્મી મને કોકની ડોકે બાંધી દેવા શા માટે ઉતાવળ કરતી હશે? એણે મનોમન નક્કી કરી નાખ્યું કે, હજી પાંચ-છ વરસ તો પરણવું નથી જ. ક્યાંક નોકરી મળી જાય તો નોકરી કરીને પગભર થતાં શીખવું છે પછી સગપણ ને લગનની માયાજાળમાં ભલે પરોવાવાનું થાય પણ એ પહેલાં તો નહીં જ. એ રાત્રે અલ્પાએ નક્કી કરી નાખ્યું કે મમ્મી ને પપ્પા ભલે મુરતિયો શોધે પણ પોતે કોઈને જોવા ન જવું. લગભગ અઠવાડિયા સુધી તો કશું ના બન્યું. સુલભાએ એની બહેનપણીઓને વાત કરી રાખી. હિરેનભાઈએ પણ એમના બીજા એકબે મિત્રોને અલ્પા માટે મુરતિયો શોધવાની વાત કરી. અઠવાડિયા પછી મનુભાઈ હિરેનભાઈને ઘેર આવ્યા. હિરેનભાઈ તો શાક લેવા બહાર ગયા હતા પણ સુલભાબહેને મનુભાઈને આવકાર્યા.




"આવો આવો મનુભાઈ," સુલભાબહેન બોલ્યા, "તમારા ભાઈ શાક લેવા ગયા છે, આવતા જ હશે." "કંઈ વાંધો નહીં," મનુભાઈ ખુરશીમાં બેસતા બોલ્યા, "ક્યાં ગઈ પપ્પાની પરી? એને કહો કે ચા મૂકે."

અલ્પા બાજુના રૂમમાં સાંભળતી હતી, એ હસી અને બહાર આવી. "શું તમેય કાકા," અલ્પા બોલી, "હું ક્યાં પરી છું?" "અરે બેટા," મનુભાઈ બોલ્યા, "તું તો પરી સમાન જ છું દીકરી, આવી સંસ્કારી ને ગુણીયલ દીકરી જેના ઘરમાં જશે એનું ઘર ઉજાળશે. તારા હાથની રસોઈ ખાઈને સાસરિયાઓનો કોઠો ઠરશે પણ તું અત્યારે ચા મૂક ને મારો કોઠો ગરમ કર બેટા." અલ્પા રસોઈમાં ભાગી ને થોડી વારે સુલભાબહેન અને મનુભાઈ માટે ચા લઈને આવી. એટલી વારમાં હિરેનભાઈ પણ આવી ગયા એટલે અલ્પા એમના માટે પણ ચા લઈ આવી. "શું વાત છે મનુભાઈ," હિરેનભાઈ આવતાં જ બોલ્યા, "લાંબા સમયે તમે ભૂલા પડ્યા. મઝામાં ને?" "હોઉં," મનુભાઈ બોલ્યા, "એકદમ મઝામાં. આ તો એક છોકરો ધ્યાનમાં આવ્યો એટલે મને એમ કે તમને વાત કરી દઉં તો જોવાનું ગોઠવાય, પછી નક્કી થઈ શકે." "શું કરે છે છોકરો?"સુલભાબહેને પૂછ્યું. "એ અમરોલીમાં આર.વી. પટેલ કોલેજમાં એકાઉન્ટન્સીનો પ્રોફેસર છે, બહુ સરસ સ્વભાવ છે છોકરાનો. એકદમ શાંત ને સંસ્કારી છોકરો છે."

"એ લોકોને આ એક જ છોકરો છે?" હિરેનભાઈ બોલ્યા. "ના," મનુભાઈએ જવાબ આપ્યો, "બે છોકરા છે. આ મોટો પ્રોફેસર છે અને નાનો છોકરો પણ બી.કોમ. થઈ ગયો છે ને પોતાનો ધંધો કરે છે. બહુ સુખી છે. અમરોલીમાં ચાર રૂમનું ટેનામેન્ટ છે, બે તો ગાડી છે, બધી રીતે સારા માણસો છે. હવે તમે નક્કી કરીને મને કહેજો, આપણે જોવા જઈશું. પછી એ લોકોને જોવા બોલાવીશું."

"ભલે મનુભાઈ," હિરેનભાઈ બોલ્યા, "અમે કાલે જ તમને વાત કરીશું." મનુભાઈ ગયા એ પછી સુલભાએ અલ્પાને પોતાની પાસે બેસાડી. "તારી શી ઈચ્છા છે દીકરી?"સુલભા બોલી, "ક્યારે જોવા જઈશું?" "પાંચેક વરસ પછી,"અલ્પાએ સીધો જ જવાબ આપ્યો ને સુલભાબહેન ચોંકી ઊઠ્યાં. "કેમ એમ કહે છે દીકરી?" એમણે પૂછ્યું, "પછી તો બહુ મોડું થઈ જાય, સારો મુરતિયો પણ ન મળે, બહુ તકલીફ ઊભી થાય. તું સમજતી કેમ નથી?" "મારે હરવુંફરવું છે મમ્મી," અલ્પા બોલી, "અત્યાર સુધી ભણવામાં રહી, હવે તો ક્યાંક ફરું ને? અને, મારે થોડો સમય નોકરી કરવી છે એટલે હું થોડી ઘડાઈ જાઉં, પછી જ લગ્નની વાત કરજો. હાલ તો હું કોઈ મુરતિયો જોવાની નથી." "એવું ના ચાલે દીકરી,"સુલભાએ કહ્યું, "બધું તારી ઈચ્છા મુજબ ન થાય. સમાજ અમને ચૂંટી ખાય."

**અલ્પાએ જિંદગીમાં પહેલી વખત પોતાની છાતી પાસે કોઈના હાથનો સ્પર્શ અનુભવ્યો. એના હાથનો સ્પર્શ એને નવીન લાગ્યો. ટાઈપ કરવાના બદલે એ પેલા સ્પર્શમાં જ ખોવાએલી રહી. "અરે," ફરી પેલો યુવાન એની પાસે આવ્યો, "તમારો સ્ક્રીન તો બ્લેન્ક છે, ટાઈપ નથી કર્યું?"**

"પણ મમ્મી," અલ્પા બોલી, "લગન મારા કરવાના છે ને મારી ઈચ્છા જ ન ચાલે? હું તને કહી દઉં છું, જો બહુ માથાકૂટ કરશો તો હું જુદી રહેવા જતી રહીશ હા."

સુલભાબહેન સ્તબ્ધ થઈ ગયાં. એમણે સવારે હિરેનભાઈને વાત કરી. હિરેનભાઈએ પણ અલ્પાને સમજાવી પણ એ એકની બે ન થઈ. ચોખ્ખી ના જ પાડી લગ્નની. હવે હિરેનભાઈ મૂંઝાયા. શું કરવું એ એમને ન સૂઝ્યું એટલે એ મનુભાઈના ઘેર દોડ્યા. મનુભાઈને બધી વાત કરી. મનુભાઈ વાત સાંભળીને વિચારમાં પડી ગયા. થોડી વાર તો એ વિચારોમાં ખોવાએલા જ રહ્યા, પછી અચાનક એમના ચહેરા પર હાસ્ય ફરક્યું. "તમે ચિંતા ન કરો હિરેનભાઈ," મનુભાઈ બોલ્યા, "છોકરું છે, આવું કરે એ સમજી શકાય. ભલે એ નોકરી કરતી. મારા ભાઈની યાર્નની ફેક્ટરીમાં એને કમ્પ્યુટર ઓપરેટરની નોકરી અપાવી દઈએ. એને કમ્પ્યુટર તો આવડે છે ને?" "ના રે," હિરેનભાઈ નિરાશ થઈને બોલ્યા, "એને રસોઈ સિવાય કશું આવડતું નથી."

"હું સાંજના તમારે ત્યાં આવીશ,"મનુભાઈ બોલ્યા, "ત્યારે એને કમ્પ્યુટર ક્લાસ જોઈન કરવાનું કહીશ પછી એની નોકરી પાકી. ભલે લગ્ન મોડા થાય." સાંજના મનુભાઈ હિરેનભાઈના ઘેર ટપક્યા. "ક્યાં ગઈ પપ્પાની પરી?" એમણે આવતા જ પૂછ્યું, "ક્યાં ફરવા જવું છે?"

"અરે કાકા,"અલ્પા એમની પાસે આવીને બેઠી, "ફરવા તો ઠીક, સુરતમાં જ ફરવું છે પણ મારે નોકરી કરવી છે, ઘડાવું છે." "તો પહેલા કમ્પ્યુટર શીખી જા," મનુભાઈ બોલ્યા, "અહીં રોડ પર જ ભાગ્યોદય કમ્પ્યુટર કલાસીઝ છે એ મારા સંબંધી છે. હું કાલે સાંજના તને ત્યાં લઈ જઈને એડમિશન કરાવી દઈશ. તું એકાદ મહિનો બેસીશ એટલે થોડું ઘણું આવડી જશે પછી મારા ભાઈની યાર્નની ફેક્ટરીમાં તારી નોકરી ચાલુ. બોલ, કબૂલ છે તને?"

"હા કાકા," અલ્પા બોલી, "કાલે હું તમારી સાથે આવીશ." બીજે દિવસે સાંજના મનુભાઈ આવ્યા ને એક્ટિવાની પાછળ બેસાડીને અલ્પાને કલાસમાં લઈ ગયા. એડમિશન કરાવી દીધું ને એ ઘેર ગયા. "અલ્પા," કમ્પ્યુટર શીખવનાર એક યુવાન એની પાસે આવ્યો, "આ કમ્પ્યુટર પર તમે બેસી જાવ, હું શરૂઆત કરાવી દઉં."

અલ્પા કમ્પ્યુટરની સામે સ્ટુલ પર બેઠી. પેલો સોહામણો યુવાન એની પાછળ ઊભો રહ્યો ને પાછળથી એણે અલ્પાના બન્ને હાથ કી-બોર્ડ પર મુકાવ્યા. "જુઓ," એ યુવાન બોલ્યો, "આ ડાબા હાથે ASDFGF ટાઈપ કરવાનું, ને જમણા હાથે સેમિકોલમ, LKJHJ ટાઈપ કરવાનું. આજે 20 વખત આટલું ટાઈપ કરવાનું. ચાલો, શરૂ કરો." અલ્પાએ જિંદગીમાં પહેલી વખત પોતાની છાતી પાસે કોઈના હાથનો સ્પર્શ અનુભવ્યો. એના હાથનો સ્પર્શ એને નવીન લાગ્યો. ટાઈપ કરવાના બદલે એ પેલા સ્પર્શમાં જ ખોવાએલી રહી. "અરે," ફરી પેલો યુવાન એની પાસે આવ્યો, "તમારો સ્ક્રીન તો બ્લેન્ક છે, ટાઈપ નથી કર્યું?"

એણે ફરી ખભા પાછળથી પોતાના બન્ને હાથ દ્વારા અલ્પાના બન્ને હાથ પકડીને કી-બોર્ડ પર મુકાવ્યા. અલ્પાની છાતી જોરથી ધડકવા લાગી. એણે મહાપ્રયત્ને પોતાના હાથ કી-બોર્ડ પર ફેરવ્યા. 20 વખત એણે ટાઈપ કરી નાખ્યું એટલે પેલો યુવાન એની પાસે આવ્યો. એણે સ્ક્રીન પર જોયું. "વાહ," પેલો યુવાન બોલ્યો, "બહુ સરસ. તમે જલ્દી શીખી જશો. હવે તમે જઈ શકો છો, કાલે આ જ સમયે આવી જવાનું પણ આજે મનુભાઈએ કહ્યું કે તમે એમની સાથે આવ્યા છો એટલે તમને મારે ઘેર મૂકવા આવવાનું છે. ચાલો, હું મૂકી જઈશ."

અલ્પાને તો એ સ્પર્શ ફરી માણવો હતો એટલે એ પેલા યુવાન સાથે કલાસમાંથી બહાર આવી. "હું અજય," પેલો યુવાન બોલ્યો, "તમે આકાશગંગામાં રહો છો ને?ચાલો, મારા સ્કૂટર પર બેસી જાવ." અલ્પા એના સ્કૂટર પાછળ બેસી ગઈ. છેક ઘર સુધી એને આ સોહામણા અજયનો સ્પર્શ માણવાની મઝા પડી. એ પછી તો અજય અને અલ્પા એકબીજાને મળતાં રહ્યાં ને બહાર હોટેલમાં પણ ચા-નાસ્તો કરવા જઈ આવ્યા, એમ સમજો ને કે પ્રેમમાં પડી ગયાં. મહિના પછી અજયે લગ્નની દરખાસ્ત મૂકી. "અજય," અલ્પાએ કહ્યું, "લગ્ન વિષે તો મારાં મમ્મી-પપ્પાને વાત કરવી પડે. તમારાં મમ્મી-પપ્પાને મારા ઘેર મોકલો." બીજા દિવસે મનુભાઈ અજયને, એના ભાઈને અને એનાં મમ્મી-પપ્પાને લઈને હિરેનભાઈને ઘેર આવી ગયા. એકબીજાને ગમ્યું ને સગપણ માટે વચન અપાઈ પણ ગયું. "અલ્પાબેટા, પપ્પાની પરી," મનુભાઈ બોલ્યા, "અહીં મારી પાસે બેસ, મારે એક વાત કરવી છે." અલ્પા એમની પાસે બેઠી અને વાત સાંભળવા કાન લંબાવ્યા, સાથે સાથે હિરેનભાઈ સિવાય બધાએ કાન લંબાવ્યા. "આ અજય કોઈ કમ્પ્યુટર શિક્ષક નથી," મનુભાઈએ ધડાકો કર્યો, "એ પ્રોફેસર છે, જેને જોવા આપણે દોઢેક મહિના પહેલાં જવાનું હતું પણ તેં તારી નોકરી કરવાની જીદના લીધે ના પાડી એટલે મેં તારા પપ્પા સાથે મળીને આ નાટક ગોઠવ્યું. એ કલાસ એના નાના ભાઈનો છે. બોલ, મઝા પડી ને દીકરી? તું તારી જીદમાં હારી ગઈ ને?" અલ્પા શરમાઈને નીચું જોઈ ગઈ.

-(શીર્ષકપંક્તિઃ વારિજ લુહાર)